શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૧
અંક : ૮

## સ્વચ્છ પાણી અને સ્વચ્છતા

વર્ષ ૨૦૩૦ સુધીમાં તમામ માટે પાણી અને સેનિટેશનની ઉપલબ્ધતા અને સાતત્યપૂર્ણ સંચાલનને સુનિશ્ચિત કરવું.

૬.૧ બધા માટે સુરક્ષિત અને પોસાય તેવુ પીવાનું પાણી પુરૂ પાડવું સાર્વત્રિક અને ન્યાયપૂર્ણ વપરાશ પ્રાપ્ત.

૬.૨ તમામ માટે પર્યાપ્ત અને સમાન શૌચાલયની વ્યવસ્થા કરવી અને ખુલ્લામાં મળમૂત્રના ત્યાગનો અંત આણવો તેમજ મહિલાઓ, યુવતીઓ અને પીડિત સ્થિતિમાં રહેનારાઓની જરૂરીયાત પરત્વે વિશેષ ધ્યાન આપવું.

૬.૩ પ્રદુષણ ઘટાડીને, ઘાતક રસાયણો અને સામગ્રીના ફેલાવાને લઘુતમ બનાવીને તેમજ તેના ખડકલાને નાબૂદ કરીને, ટ્રીટમેન્ટ કર્યા વિનાના ગંદા પાણીના પ્રમાણને ઘટાડીને અડધું કરીને તેમજ રિસાઈકિલંગ તેમજ વૈશ્વિક સ્તરે સુરક્ષિત પુનઃઉપયોગને નોંધપાત્ર પ્રમાણને વધારીને પાણીની ગુણવતામાં સુધારો કરવો.

૬.૪ તમામ ક્ષેત્રોમાં પાણીના ઉપયોગની કુશળતાને નોંધપાત્ર પ્રમાણમાં વધારવાની તેમજ પાણીની અછતની સમસ્યાને ઉકેલવા તાજાપાણીના પુરવઠા અને સાતત્યપૂર્ણ ઉપાડને સુનિશ્ચિત કરવો અને પાણીની તંગીથી પીડાઈ રહેલા લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવો.

૬.૫ યોગ્ય રીતે સરહદપારના સહકાર સહિતના તમામ સ્તરે એકીકૃત જળ સંસાધન સંચાલનનો અમલ કરવો.

૬.૬ પહાડો, જંગલો, જળાશયો, નદીઓ, તળાવ અને સરોવરો સહિતની જળસંબંધિત ઈકોસિસ્ટમનું રક્ષણ કરીને પ્રસ્થાપન કરવું.

૬.૭ પાણી તેમજ સેનિટેશનને લગતી પ્રવૃતિઓ અને કાર્યક્રમોમાં વિકાસશીલ રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીય સહકાર તથા ક્ષમતા નિર્માણનો વિસ્તાર કરવો, જેમાં જળ સંવર્ધન, પાણીની ખારાશ દૂર કરવી, જળ કુશળશતા, દુષિત પાણીનું ટ્રીટમેન્ટ, રિસાઈકિલંગ અને પુનઃઉપયોગની ટેકનોલોજીઓ સામેલ કરવી.

૬.૮ જળ અને સેનિટેશનના સંચાલનમાં સુધારો કરવા સ્થાનિક સમુદાયોના સહભાગીપણાને સહાયભૂત થવું અને સુદઢ બનાવવું.

સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો

**પંખી તેના પગનાં કારણે ફસાય છે. અને માણસ તેની જીભના કારણે.**

## બાળ અધિકાર તાલીમ અને અભિયાન આયોજન શિબિર

બાળ અધિકાર સમૂહ તાલીમ ભાવનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ વિભાગના સાથીઓ મળ્યાં હતા. આ શિબિરમાં બાળકોના બાળલગ્ન, કુપોષણ બાળકો, બાળકોના કાયદા વિશે અને બાળઅધિકારો વિશે ચર્ચા કરવામાં આવી હતી. બાળ અધિકારના પડકારો શું છે?, નેટવર્કને મજબૂત કરવું અને તાલીમ પૂર્વેનું આકલન માટે થોડા પ્રશ્નોથી તાલીમની શરૂઆત શ્રી ફાલ્ગુનભાઈ શેઠએ કરી હતી.

મુખ્ય ચાર અધિકારો: ૧.જીવન જીવવાનો અધિકાર, ૨. વિકાસનો અધિકાર, ૩. રક્ષણનો અધિકાર અને ૪. સહભાગિતાનો અધિકાર.

બાળ અધિકારોના ઉદભવ, વિકાસ અને આજની સ્થિતિ શું કહે છે તે પર શ્રી રાજેશભાઈ ભટએ વિસ્તૃત માહિતી આપી. બાળક એટલે ૧૮ વર્ષથી નાની ઉંમર નીચેના તમામ વ્યકિતને બાળક કહી શકાય. બાળમૃત્યુ દર એટલે દર ૧૦૦૦ બાળકોએ કેટલા બાળકો મૃત્યુ પામે તેમ મપાય તેમને બાળમૃત્યુ દર કહેવાય છે. બાળ મજુરી એટલે જેનાથી બાળકનું બાળપણ હણાય, તેનું ગૌરવ અને સન્માન હણાય, જેને પરિણામે તેનું શિક્ષણ અને કૌશલ્ય છીનવાય, જેનાથી તેના આરોગ્યને અને વિકાસને હાની પહોંચે તેવું કોઈ પણ કામને કહી શકાય. પરંપરાગત વ્યાખ્યા મુજબ ૫ થી ૧૪ વર્ષના આર્થિક ઉપાર્જન મેળવે તેવા કામોમાં હોય તો તેને બાળમજૂર કહેવાય વગેરે બાબતો સમજાવી હતી. આખા દેશમાં કુલ ૫૯૪ ચાઈલ્ડલાઈન સેવાઓ શરુ છે. વલ્નરેબીલીટી એટલે કેવાં બાળકો કે જે અનાથ બાળકો, શેરીમાં રહેતા બાળકો, બાળમજૂરો, વિકલાંગ બાળકો તથા સ્થળાંતર થયેલા બાળકો. અરક્ષિતતા કઈ રીતે થાય છે? અરક્ષિતતા એ શારિરીક, માનસિક, ભાવનાત્મક, આર્થિક, લૈંગીક અને સાઈબર ક્રાઈમ રીતે હોય શકે.

શ્રી નિરૂપાબેન શાહે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ૨૦૧૫ વિશે વિસ્તૃત જણાવ્યું હતું. જેમાં કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો અને કાળજી અને રક્ષણની જરૂરિઆત વાળા બાળકોની સુરક્ષા વિષે તેમજ બાળકો સાથે દુરવ્યવહાર, શોષણ, સતામણી, ભેદભાવ સમજાવ્યા હતા. બાળકો માટે સુરક્ષિત વાતાવરણનું સર્જન અને માર્ગદર્શિકા મુજબની ભૂમિકાઓ, બાળ અધિકારો, સુરક્ષા, પડકારો અને સુરક્ષા માટેની કલમો બનાવવામાં આવી છે.

શ્રી વિપુલ પંડયાએ બાળકોના સર્વોચ્ચ હિત જાળવવા, તેમની સાથેના ગેરવર્તન અને ભાવનાત્મક સતામણી તેના આત્મવિશ્વાસને હાનિ કરે અને પ્રેરણાને ઘટાડે છે.

જીલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી નવઘણભાઈ ચૌહાણ એ બાળકની સુરક્ષા માટેના અમલવારી કાયદા વિષે જણાવ્યું હતું.

**સમય સારો હોય કે ખરાબ એ ચૂપચાપ નીકળી જ જવાનો છે.**

પોકસો એકટ વિશે શ્રી પારૂલબેન શેઠએ ચર્ચા કરી હતી. જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨માં આવ્યો છે. દેશમાં ૯૪% લોકો જાતીય દુરપયોગનો ભોગ બન્યા છે. ૭૦% બાળકો જાતીય શોષણની વાત કરી શકતા નથી. કારણ કે તેમને એમ લાગે છે કે તેમાં તેઓનો પણ વાંક છે. અશ્લીલ સાહિત્યના ઉદેશ માટે બાળકનો ઉપયોગ અથવા ગુનો કરવામાં મદદરૂપ થાય તો તેમને પણ સજા થઈ શકે છે. બાળલગ્ન પર જૂથ ચર્ચા કરવામાં આવી. મુખ્ય બે મુદાઓ પર ચર્ચા થઈ હતી. ૧. બાળલગ્નનાં કારણો, કોણ કરાવે છે, કયાં થાય છે અને તેની અસરો. ૨. બાળલગ્ન અટકાવવા માટેના સૂચનો 'અમે શું કરીશું' અને એકશન પ્લાન.

પ્રિવેન્ટીવ મેડીસીનમાંથી ડો. શ્રી ઘનશ્યામભાઈ આહિર જોડાયા હતા. તેઓ એ યોગ્ય અને પુરતુ પોષણ એ બાળકનો અધિકાર હોવાનું જણાવી કુપોષણના પ્રકાર સમજાવ્યાઃ ૧. ઉંમર પ્રમાણે ઓછું વજન, ૨. ઉંમર પ્રમાણે ઓછી ઉંચાઈ અને ઉંચાઈ પ્રમાણે ઓછું વજન. ઓળખ, સારવાર અને અટકાવ માટે ૧. ગૃહ મુલાકાત, ૨. મમતા દિવસ, ૩. નિયમિત વૃદ્ધિ મોનીટરીંગ અને પ્રમોશનની પ્રવૃતિઓ, ૪. આરબીએસકે ટીમ દ્વારા પેટાકેન્દ્ર ખાતે બિમાર બાળકોની તપાસ અને ૫. શાળા આરોગ્ય કાર્યક્રમ ૬. બાળક કેમ કુપોષણનો શિકાર બને છે તેના કારણો દર્શાવ્યા અને કુપોષણ બાળક ન જન્મે તેના માટે કેવાં પગલા લેવાં જોઈએ તે અંગે માહિતી આપી હતી.

બાળ અધિકાર માટેના કાર્યક્રમના આગળના આયોજન માટે અમરેલી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ઓફિસ પર મીટીંગમાં બેસી નિર્ણય કરવો તેવું નક્કી કરી તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.



**સાચા ખોટાની પરિભાષા સમય અને સંજોગ સાથે બદલાતી રહે છે.**

## બીજા તબક્કાની એલઈપી ફેસીલીટેટરની તાલીમ તા. ૧૭–૧૮ ઓગસ્ટ, ૨૦૧૯

તાલીમની શરૂઆત જાફરાબાદ–રાજુલા, બાબરા અને અમરેલીના કાર્યકરોના પરીચયથી કરવામાં આવી હતી. આ તાલીમમાં સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન, સોશ્યલ મોબીલાઈઝેશન, વાલીમીટીંગ, બાળકો સાથેની વર્કબુકની કવાયતો અને લર્નીગ મેથડ પર ચાલતા કાર્યમાં વધુ કુશળતાઓ પ્રાપ્ત કરી શકાય તે માટે આ બીજા તબક્કાની તાલીમ યોજવામાં આવી હતી. જાણીતા શિક્ષણવિદ શ્રી રવજીભાઈ કાચાએ વિવિધ પ્રવૃતિઓ વિશે સમજાવતા કહયું કે શિક્ષક ન હોવા છતાં શિક્ષકનું કામ કરવું તે મુશ્કેલ છે પણ કોઈ બંધન વિના કામ કરવાની સરળતા પણ છે. બાળકો વર્ગમાં આવવા માટે પ્રેરાય તો તેના માટે શું કરવું ? તેની માટે નવી રમતો, નવા સાધનો, ટીએલએમ તથા બાળકોના ગ્રૃપ પાડીને પ્રવૃતિ કરાવી જોઈએ. કોઈપણ વિસ્તારમાં જાવ કે વર્ગખંડમાં જાવ તો બાળકોને વિવિધ વાર્તા કે પ્રવૃતિ કરાવીને શીખવાડો. તે ઉપરાંત તેમણે જણાવ્યું કે માણસમાં બે વૃતિ રહેલી હોય છે. કે મારે શું અને મારૂં શું ? એ કનેકટીવીટી મહત્વનું છે. બાળકને કંઈક વસ્તુ કે ચીજવસ્તુ આપવાથી બાળકને આપણા સાથે જોડતું નથી. બાળક સાથે સીધા સંપર્કમાં આવીએ અને રોજબરોજ સંપર્ક બનાવીએ એનાથી બાળક પ્રેરાય અને શીખે એ મહત્વનું છે.

શ્રી સુરેશભાઈ નાગલા એક સરસ શ્લોક દ્વારા શરૂઆત કરી. તેમણે એક પ્રવૃતિ કરી જેમાં બાળકોને રસ પડે અને શીખે. જ્ઞાન કંઈ ચોપડી વાંચી ન આવે તેમાં ભાગ લેવો પડે. અને મનથી કામ કરવું



**કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે.**

પડે. અને મનથી જે શીખો છો તે એક પ્રકારનું મેળવણનું કામ કરે છે.

શ્રી પિયુષભાઈ જોટાણીયા એ વિવિધ પ્રવૃતિઓ દ્વારા ગણિત વિષયને કેમ સરળ બનાવીને બાળકોને શીખવાડી શકાય તે સમજાવ્યું હતું. જેમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પણ થાય.

બીજા દીવસે ભુતપુર્વ લેમ્પ કોઓર્ડીનેટર શ્રી માનભાઈ ગોયલએ પોતાના આ કામના અનુભવની વાતોથી શરૂઆત કરી હતી. તમે તમારી જાત પ્રત્યે પ્રેમ કરો. પછી તમને બધા તમને પ્રેમ કરશે તેમ ઉદાહરણો સાથે સમજાવ્યુ હતુ. હંમેશા મહત્વકાંક્ષા હોવુ જોઈએ. હંમેશા હકારાત્મક રહેવુ. કોઈ બાળક નબળું ન હોય, કોઈ બાળક અસમજ નથી. વૃદ્ધિશીલ હોવું જોઈએ. શીખનાર અને શીખવનાર વચ્ચે આપ–લે થવી જોઈએ જેવી ઘણી બાબતો તેમણે સમજાવી હતી.

હિરલ ગોસાઈ, ગોરધનભાઈ વાઘેલા અને માનભાઈએ મળીને આ કાર્યક્રમમા ઉપયોગમાં લેવાઈ રહેલી તમામ પધ્ધતિઓ (મેથડ)નું પુનરાવર્તન કર્યું અને વારાયરતછ એજયુકેશન ફેસીલીટેટરને તેમ કરવા જણાવ્યુ અને તેમા મળેલી ક્ષતિઓ દુર કરવા કવાયત વારંવાર કરાવી.

શ્રી ધીરૂભાઈ વાગડીયાએ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન પર એક કવાયત દ્વારા હિસ્સેદાર/હીતધારકો અને તેની ભુમિકાઓ પર સમજવા પ્રયાસ કર્યો. હીતધારકોને ઓળખવા અને તેનુ વર્ગીકરણ કરવુ તે સમજયા કારણ કે તો જ તેની સાથે અસરકારક પરામર્શ થઈ શકે અને તે આ પ્રવૃતિઓના ટેકામાં આવી શકે. સાથે સાથે જેન્ડરની સમજ મેળવી તાલીમ પુર્ણ કરવામાં આવી.



**અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશકિત તેની માતા.**

## કપાસના પાકમાં ટોચ (ડુંખ) કાપવાથી થતાં ફાયદા

છોડની ઉંચાઈનું નિયંત્રણ કરી છોડની સપ્રમાણ વનસ્પતિક વૃદ્ધિ થાય છે. સિપોડીયલ ડાળીની લંબાઈ વધે છે. સિપોડિયલ ડાળીની લંબાઈ વધતા તેમાં ફુલ, ભમરી ચાંપખા અને જીંડવાની સંખ્યા વધે છે. સિપોડિયલ ડાળીની સંખ્યામાં વધારો થતાં જીંડવાની સંખ્યા વધે છે. છોડની ઉંચાઈનું નિયંત્રણ થતા તેનું થડ તથા ડાળીઓની જાડાઈ વધતાં છોડ વધુ પવનથી નમતા નથી કે ડાળીઓ ભાંગતી નથી. છોડનો ઘેરાવો વધતાં પ્રકાશસંશ્લેષણની ક્રિયામાં વધારો થતાં વધુ પ્રમાણમાં ખોરાક ઉત્પન થાય છે. પાંદડામાં ખોરાક જરૂરત પડેએ પુરતા પ્રમાણમાં મળતા ફુલ ભમ્મરી ચાંપખા અને જીંડવા ખરતા અટકે છે. કપાસમાં ઉંચાઈનું નિયંત્રણ કરવાથી ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળે છે. કપાસના પાકમાં વધારાનો કોઈ ખર્ચ વગર ૧૫.૧% થી વધુ નફો મળે છે.

ખર્ચા વિહોણી, સરળ અને અપનાવી શકાય તેવી પદ્ધતિ છે. પાકમાં ઉત્પાદકતા તથા નફાકારકતામાં વધારો થાય છે. છોડની શાખાઓને ટુંકું અને મજબુત માળખું જે કપાસની વીણી કરવામાં અનુંકુળ આવે. પાકમાં ઓછા પાણી ખાતર અને રસાયણોનો ઉપયોગ ન થતા કુદરતી ઈકોસાઈકલ પર જોખમી અસરને અટકાવે છે. ઉત્પાદન વધારવા માટે રસાયણીક ખાતરોનો ઉપયોગ ઓછો કરવામાં આવે છે. એટલે જમીન, નદીઓ અને ભૂગર્ભજળમાં પ્રદુષણ થતું અટકે છે. ખેત મજુરોની તંદુરસ્તી કે સલામતીમાં વધારો થાય છે. જમીનની તંદુરસ્તી જાળવી રાખે છે.



**હોશિયાર માણસથી ભુલો થાય તેવું ક્યારેક બને, પણ ભૂલોથી માણસ હોશિયાર થાય તેવું જરૂર બને.**

## આંતરપાકના અનોખા ફાયદા

આંતરપાક આપણી જુની અને પૌરાણીક પધ્ધતી છે. જેનો ઉપયોગ હવે ઓછો થતો જોવા મળે છે. નવી અદ્યતન ટેકનોલોજીએ માનવીના જીવનની દીશાને ઓળંગી છે, પણ આપણી જુની પદ્ધતિથી જ અત્યારે વધારે ફાયદો થતો જોવા મળે છે. એવી જ રીતે ચરખા ગામે ગોપાલભાઈ લખાભાઈ સુસરા એ પરંપરાગત ખેતી પદ્ધતિ તરફ જવામાં આંતરપાકના ફાયદા બાબતે પોતાનો જાત અનુભવ જણાવ્યા.

હું ખેતી જ કરું છું. અને તેના પર નીર્ભર છું. જયારથી મે આંતરપાક લેવાનુ શરૂ કર્યુ છે ત્યારથી વધારે ઉત્પાદન, આવકમાં વધારો જોવા મળ્યો. આંતરપાકમાં તલ, અડદ, મકાઈ જેવા પાકોનો ઉપયોગ કરીને એક સાથે બે ઉપજ મેળવુ છુ. આંતરપાકની માહીતી હરિરાજ સંસ્થાના ઉતમ કપાસની પહેલ વાળા કાર્યક્રમમાં જોડાવાથી મળી. તેના કારણે જમીનમાં પણ ઘણો ફેરફાર જોવા મળે છે. હું છેલ્લા ઘણા વર્ષથી કપાસની ખેતી કરૂં છું. પરંતુ બળદનો ઉપયોગ ઘટવાને કારણે આંતરપાક કરવાથી આંતર ખેડ માટે ઘણી મુશ્કેલીઓનો અનુભવ થયેલ છે તેમ છતાં પણ આંતરપાકનાં નીચે મુજબના ફાયદાઓ જાણી આંતરપાક કરું છું.

૧. કપાસના પાકનું જોખમ ઘટાડી શકાય છે.

૨. કઠોળ પાકનું વાવેતર કરવાથી જમીનમાં પોષકતત્વોનો ઉમેરો થવાથી ખાતરની ઓછી જરૂર પડે છે.

૩. આંતરપાક જમીન પર પથરાય ગયેલ (જેમ કે કઠોળ વર્ગના પાક હોય) જેથી સૂર્યપ્રકાર દ્વારા ભેજ ઉડી જતો રોકાય છે.

૪. વરસાદ ઓછો હોય ત્યારે આંતરપાકથી ઉત્પાદન મળવાથી ખેતી ખર્ચ કાઢી શકાય છે.

૫. આંતરપાક કરવાથી ઉપયોગી જીવાતોનું રક્ષણ કરી શકાય છે.

૬. આંતરપાક કરવાથી નીંદામણ ઓછું થાય છે.

૭. આંતરપાક કરવાથી જમીનનું બંધારણ સુધરે છે.

૮. પાક ફેરબદલી તરીકે ઉપયોગી થાય છે.

૯. કપાસનો પાક સાંઠ દીવસનો થાય ત્યાં સુધી બે હાર વચ્ચેની જમીન પડતર રહેતી હોય તેની જગ્યાએ આંતરપાકનું વાવેતર કરવાથી જમીનનો ઉપયોગ વધુમાં વધુ કરી શકાય છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ ઓનલાઈન પણ કરી શકો છો તે માટે સંસ્થાની વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

**વિશ્વાસ રાખો, ઈશ્વરના નિર્ણય આપણી ઈચ્છાઓ કરતા વધારે સારા હોય છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Bharat Vala | 20.09.1985 |
| Pravin Jalandhara | 28.09.1976 |
| Rasik Gorasva | 28.09.1995 |
| Avantika Tanti | 29.09.1996 |

## In this month

| | |
|---|---|
| 1 | Quarterly meetings with SMC Federations |
| 1 | Centre for micro finance, Jaipur visited groundnut processing unit of Avirat agro at Savarkundala. |
| 2 | Meeting on MPR and TIMS with INGJ 14 & 27 team by Puja Paramhans and Ravi Gevariya (CSPC). |
| 5 | Workshop on LFA and TIMES module conducted by AIM team. |
| 9 | How to tell your story & fund raising- workshop. |
| 16 | State level coordinator meeting- IAG (Unnati) |
| 17-18 | 2nd phase training of LEP staff. |
| 21 | PMFBY project review meeting- DSC Ahmedabad. |
| 21 | Shaishav meeting for Childline programme at Bhavnagar. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મોક્ષ એટલે ખાલી દ્રષ્ટિ જ બદલવાની છે.**